# હિસાબ નિયામકશ્રીની કચેરી

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર-૩૮૫૫૦૬

150 YEARS OF CELEBRATING THE MAHATMA

વંચાણે લીધો:
૧. ગુજરાત સરકારશ્રીના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : ગકવ/૧૬૨૦૧૮/૧૩૧૬/ક-૨ તા.૦૭/૦૬/૨૦૧૯
૨. ગુજરાત સરકારશ્રીના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : ગકવ/૧૦૨૦૦૨/SCA-15/ ક.૨/ તા.૨૯/૦૫/૨૦૧૮.
૩. આ કચેરીની નોંધ તા.૧૮/૧૦/૨૦૧૯ ઉપર કુલસચિવશ્રીની ભલામણ અને માન.કુલપતિશ્રીએ આપેલ મંજૂરી.

**વિષય:- સ.દાં.કૃષિ યુનિવર્સિટીના એન.પી.પી.એ. મેળવતા વેટરનરી ફેકલ્ટીના અધિકારી/કર્મચારીઓને પ્રવર્તમાન દરે મોંઘવારી ભથ્થું ચુકવવા બાબત...**

## -:: પરિપત્ર નં.૪૦/૨૦૧૯ ::-

આથી અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટના વડાશ્રીઓ જણાવવાનું કે, આ યુનિવર્સિટીના એન.પી.પી.એ. મેળવતાં કર્મચારીઓને એન.પી.પી.એ. ઉપર મળવાપાત્ર મોંઘવારી ભથ્થાં ચુકવવા બાબતે વંચાણે લીધેલ ક્રમ-૧ અને ૨ અન્વયે વંચાણે લીધેલ ક્રમ-૩ની નોંધથી માન.કુલપતિશ્રીએ આપેલ મંજુરી મુજબ નીચે મુજબની વિગતે અમલ કરવાનો રહેશે.

**જે અધિકારી/કર્મચારી તા.૩૧/૦૩/૨૦૧૯ના રોજ જે દરે એન.પી.પી.એ. ચુકવવામાં આવેલ હોય, તે રકમ તા.૦૧/૦૪/૨૦૧૯થી સાતમાં પગારપંચ મુજબના મૂળ પગારમાં આ રકમ ઉમેરીને જે રકમ આવે તેની ઉપર પ્રર્વનમાન મોંઘવારી ભથ્થું ગણતરી કરીને ચુકવવાનું રહેશે. જયારે બાકીના ભથ્થાંઓ તા.૩૧/૦૩/૨૦૧૯ના રોજના છઠ્ઠા પગારપંચના મૂળપગારને ધ્યાને લઈ ચુકવવાના રહેશે.**

એન.પી.પી.એ. મેળવતા કર્મચારીશ્રીઓ પાસેથી આ સાથેના બાંહેધરી પત્રકમાં બાંહેધરી મેળવી લેવાની રહેશે અને નવેમ્બર-૨૦૧૯(પેઈડ ઈન ડીસેમ્બર-૨૦૧૯)ના પગાર બિલમાં તથા તા.૧/૪/૨૦૧૯ થી તા.૩૧/૧૦/૨૦૧૯ સુધીના તફાવતના બિલોમાં અચુક સામેલ રાખવાની રહેશે. તેમજ સબંધિત અધિકારીશ્રી/કર્મચારીશ્રીની સેવાપોથી સાથે રાખવાની રહેશે.

સદરહું વિગતે માહે : નવેમ્બર-૨૦૧૯ના પગારબીલ તથા તફાવતના બીલો ઓનલાઈન પગાર ભથ્થાંના ડેટા ચેન્જીસ સંપૂર્ણ ચકાસીને પગાર બિલ તથા તફાવતના બીલો હિસાબી અધિકારીશ્રી(પીએફ), ટ્રેઝરી શાખા, સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગરની કચેરીએ રજુ કરવાના રહેશે.

સદરહું પરિપત્ર કુલસચિવશ્રીની ભલામણ અને માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી જારી કરવામાં આવે છે.

Parmar

ઈ/ચા.**હિસાબ નિયામક**

સામેલ :-બાંહેધરી પત્રકનોનમુનો(પાછળ)

જા.નં.સદાંકૃયુ/હિનિ/કન્ટ્રોલ/ટે.૧/૮૬૬૬-૮૭૦૦/૨૦૧૯

તારીખ:-૨૧/૧૦/૨૦૧૯

**નકલ સવિનય રવાના :-**

૧. આ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.
૨. આ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબયુનિટ વડાશ્રીઓ તરફ તથા ઘટતુ થવા સારૂં.
૩. આ યુનિવર્સિટીના તમામ આચાર્યશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂં.

**નકલ રવાના પ્રતિ :-**

૧. હિસાબી અધિકારીશ્રી(પીએફ), ટ્રેઝરી શાખા, સ.દા.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર.
૨. હિસાબી અધિકારીશ્રી(કેશ), સ.દા.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર
૩. આ વિભાગની તમામ શાખાઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂં.
૪. સિલેકટ ફાઈલ/પરિપત્ર ફાઈલ. ૫. માસ્ટર ફાઈલ.

Scanned by CamScanner